eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 104
June 1, 2007

## સુરત મહાનગર સેવા સદન દ્વારા તા.૩૧/૦૫/૦૭ ના રોજ મા.મુખ્યમંત્રી નરેન્દ્રમોદીના વરદ્ હસ્તે કોસાડ ખાતે શહેરી ગરીબો માટેના આવાસોની ખાતમુહૂર્તવિધિ અંગે પ્રિ પ્રેસ કોન્ફરન્સ

છેલ્લા બે દાયકામાં સુરત દેશ વિદેશમાં ખ્યાતિ પ્રાપ્ત ઔદ્યોગિક શહેર તરીકે વિકસેલ છે. શહેરમાં મોટી સંખ્યામાં લોકો રોજગાર અર્થે આવીને વસે છે. સુરતના બહુસ્તરીય વિકાસના પરિણામે અને છેલ્લી વસ્તી ગણતરી મુજબ સુરત શહેરમાં અંદાજે એક લાખ જેટલા ઝુપડાઓમાં અંદાજીત પાંચ લાખ જેટલા લોકોનો વસવાટ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) ટી.પી.૨૦ (નાનાવરાછા – કાપોદ્રા) ફલાય ઓવર બ્રિજના કામમાં નડતરરૂપ દુકાનોનું તથા મંજુર પ્લાન વિરુઘ્ધ થયેલ ગેરકાયદેસર ડીમોલીશન બાબત.

પૂર્વઝોન (વરાછા) ટી.પી. સ્કીમ નં.૨૦, નાના વરાછાગામ પાસે ૨૦૦ ટી.પી.રસ્તામાં બનેલ અને ફલાયઓવર બ્રિજના કામમાં નડતરરૂપ ૩(ત્રણ) દુકાનો (૧) મહાશિકત ડેરી ફાર્મ (૨)ગાયત્રિ ઓટી ગેરેજ તથા (૩) બંઘ હાલતમાં નું ડીમોલીશન કરી આશરે ૪૫૦ ચો.ફુટ રસ્તો ખુલ્લો કરેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાય વેરા સમાધાન યોજના – ૨૦૦૭

નાણાં વિભાગમાં ઠરાવ ક્રમાંક : ૫ફઠ/૧૦૨૦૦૬/૫૨૫/ઠ. તા.૩૦/૦૩/૨૦૦૭ થી અમલમાં મુકેલ છે જે કોઈ વ્યવસાયીઓએ હજુ સુધી નોંધણી કરાવેલ નથી તેઓ જો તા.૩૧/૦૫/૦૭ સુધીમાં નિયમાનુસાર અરજી કરી, નોંધણી કરાવી, વેરો ભરી આપે તેઓને દંડ અને વ્યાજ માંથી મુકિત આપવામાં આવનાર છે.આ યોજનાનો સમયગાળો તા.૧/૦૪/૦૭ થી તા.૩૧/૦૫/૦૭ સુધીનો સમય રાખવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત રાજયમાં સૌ પ્રથમવાર કાર્યનિવન્ત થનાર વીડ હારવેસ્ટીંગ મશીનની ઉદઘાટન વિધિ



પૂણ્યસલિલા તાપી કાંઠે વસેલ ઐતિહાસિક શહેર સુરતને હાલ એક માત્ર પીવાના પાણીનો આધારભૂત સ્ત્રોત તાપી નદી છે. સીંગણપોર ખાતે હજીરા સ્થિત ઉધોગોના સહયોગમાં અંદાજે રૂા.૩૫ કરોડના ખર્ચે વિયર કમ કોઝવે આકાર પામ્યો અને તેના ઉપરવાસમાં આશરે ૩૦ કી.મી. લંબાઈનો મીઠા પાણીનું વિશાળ જળ સરોવર સર્જાયેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ તમામ ૬ (છ) ઈલેકશન વોર્ડ વાઈઝ ડીઝાસ્ટર મેનેજમેન્ટ

રાજય સરકારશ્રીની સુચના અને સુરત મહાનગર સેવા સદનના કમિ.શ્રીના આદેશાનુસાર ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી અને સેન્ટ્રલ ઝોન દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ તમામ ૬ (છ) ઈલેકશન વોર્ડ વાઈઝ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેશ પ્લાન્ટ તૈયાર કરવામાં આવી રહયો છે. ડીઝાસટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેડનેશ પ્લાનમાં આવરી લેવાયેલ તમામ વિગતો ......



વધુ માટે કલીક કરો >>>>>>

## અર્બન રીન્યુઅલ મિશન અન્વયે કોસાડ ખાતે શહેરી ગરીબો માટે સાકારિત થનાર આવાસોની ખાતમુહૂર્તવિધિ મા. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે તા.૩૧–૦૫–૨૦૦૭નાં રોજ સંપન્ન.



સુરત મહાનગર સેવા સદન ધ્વારા અર્બન રીન્યુઅલ મિશન અન્વયે કોસાડ ખાતે શહેરી ગરીબો માટે સાકારિત થનાર આવાસો તૈયાર કરવાની ખાતમુહૂર્તવિધિ મા. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે તા.૩૧–૦૫–૨૦૦૭નાં રોજ ગુરૂવારે બપોરે ૩–૧૫ કલાકે સંપન્ન થઈ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવા સદન દ્વારા તા.૩૧/૦૫/૦૭ ના રોજ મા.મુખ્યમંત્રી નરેન્દ્રમોદીના વરદ્ હસ્તે કોસાડ ખાતે શહેરી ગરીબો માટેના આવાસોની ખાતમુહૂર્તવિધિ અંગે પ્રિ પ્રેસ કોન્ફરન્સ

છેલ્લા બે દાયકામાં સુરત દેશ વિદેશમાં ખ્યાતિ પ્રાપ્ત ઔદ્યોગિક શહેર તરીકે વિકસેલ છે. શહેરમાં મોટી સંખ્યામાં લોકો રોજગાર અર્થે આવીને વસે છે. સુરતના બહુસ્તરીય વિકાસના પરિણામે અને છેલ્લી વસ્તી ગણતરી મુજબ સુરત શહેરમાં અંદાજે એક લાખ જેટલા ઝુપડાઓમાં અંદાજીત પાંચ લાખ જેટલા લોકોનો વસવાટ છે. સુરત મહાનગર સેવા સદન દ્વારા કરેલા એક પ્રાથમિક સર્વે મુજબ જુના હદ વિસ્તારમાં અંદાજે ૩૩૩ જેટલી ઝુપડપટ્ટી ની સંખ્યા હતી. જેમાં માર્ચ ૨૦૦૬ માં થયેલ હદ વિસ્તરણ બાદ બીજી ૭૩ જેટલી ઝુપડપટ્ટીઓનો ઉમેરો થતાં કુલ ઝુપડપટ્ટીઓની સંખ્યા ૪૦૬ જેટલી થાય છે.

નગર આયોજનની દ્રષ્ટિએ ઝુપડપટ્ટીવાસીઓની સમસ્યા અત્યંત મહત્વની છે જો તેમને યોગ્ય રીતે વસાવાવમાં આવે તો જ શહેરનો વિકાસ યોગ્ય દિશામાં શકય બને. અત્યાર સુધી સુરત મહાનગર સેવા સદન દ્વારા ઝુપડપટ્ટીઓના પુનરુત્થાન માટે નીચે મુજબના પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે.

ધી બી.પી.એમ.સી એકટ ની કલમ ૬૩/૨ હેઠળ કુલ બજેટના ૧૦% જેટલી રકમ ઝુપડપટ્ટીઓમાં માળખાકીય પાયાની સુવિધાઓ જેવીકે રસ્તા, પાણી, ગટર, સ્ટ્રીટલાઈટ વિગેરે માટે દર વર્ષે ફાળવવામા આવે છે. અત્યાર સુધીમાં અંદાજે ૮૦% જેટલી ઝુપડપટ્ટીઓમાં અંદાજે રૂા. ૧૨૫/– કરોડના ખર્ચે વિવિધ સુવિધાઓ પુરી પાડવામાં આવી છે.

ઉપરાંત શહેરના રસ્તાઓ ઉપર જાહેર સુવિધાઓ માટે અનામત રખાયેલ પ્લોટો પર કે શહેરના વિકાસમાં નડતર રૂપ થતી ઝુપડપટ્ટીઓમાં રહેતા ઝુપડાવાસીઓને ૩.૦ મી.× ૫.૦ મી. ના પ્લોટો તમામ આંતર માળખાકીય સુવિધાઓ સહિત આપી પુનવર્સન કરવામાં આવે છે. આ સ્કીમ હેઠળ આજદિન સુધી અંદાજે ૧૨,૨૦૦ જેટલા ઝુપડાવાસીઓને અંદાજે ૫૮.૬૦ કરોડનો ખર્ચ કરી શહેરના જુદા જુદા વિસ્તારમાં ૨૨ જેટલી સાઈટો પર પુનવર્સન કરવામાં આવેલ છે.

મા.મુખ્ય મંત્રીશ્રીના ૧૫ મુદ્દા તથા ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ આજદિન સુધી E.W.S.,VAMBAY તેમજ L.I.G. યોજના હેઠળ કુલ ૭,૯૦૦ જેટલા આવાસો બનાવી શહેરી ગરીબોને ફાળવવામાં આવેલ છે. આ સ્કીમ હેઠળ જમીન તથા માળખાકીય સુવિધાઓ સિવાય અંદાજે રૂા.૪૯.૯૦ કરોડના ખર્ચ થવા પામેલ છે.

**<u>નવો અભિગમ :–</u>**

૨૦૦૫–૦૬ માં શરૂ થયેલ નેશનલ અર્બન રીન્યુઅલ મીશનના સબ મીશન **"બેઝીક સર્વિસીસ ટુ ધી અર્બન પુઅર"** (Basic Services To The Urban Poor) ક્ષેત્રે સુરત મહાનગર સેવા સદને સપ્ટેમ્બર ૨૦૦૬ થી ડિસમ્બર ૨૦૦૬ સુધીના ટુંકા ગાળામાં શહેર વિસ્તારના શહેરી ગરીબો માટે રૂા.૩૮૧.૫૯ કરોડના ખર્ચે કુલ ૩૦,૩૮૦ આવાસો બનાવવાના કુલ પાંચ પ્રોજેકટ ગુજરાત સરકારશ્રીના ભલામણથી કેન્દ્ર સરકારશ્રી પાસે મંજુર કરાવેલ છે. જેમાં કેન્દ્ર સરકારના ૫૦% અને રાજય સરકારના ૨૦% એટલે કે ૭૦% ની રકમ મળશે. જયારે બાકીની રકમ સુરત મહાનગર સેવા સદન અને લાભાર્થીઓ મળીને ભોગવશે.

ઉપરોકત પાંચ પ્રોજેકટ પૈકી પ્રોજેકટ એક તથા બે ની સાઈટો શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલી છે. જેમાં કુલ ૧૦,૯૪૦ આવાસોનો સમાવેશ થાય છે. જયારે પ્રોજેકટ ૩, ૪, ૫ ની સાઈટોનો સમાવેશ

ગુજરાત હાઉસીંગ બોર્ડ પાસેથી સુરત મહાનગર સેવા સદને ખરીદેલ કોસાડ ખાતેની જમીનમાં  થાય છે. કોસાડ ખાતેની કુલ ૧૧૭ હેકટર જમીન પૈકી હાઉસીંગ માટે અનામત રખાયેલ ૩૮.૦૦ હેકટર જમીનમાં કુલ ૧૯,૪૪૦ આવાસો રકમ રૂા. નાં ૨૬૨.૪૧ કરોડ નાં ખર્ચે તૈયાર કરવામાં આવશે. હાઉસીંગ માટે અનામત રખાયેલ જમીનને કુલ પાંચ વિભાગોમાં વિભાજીત કરવામાં આવેલ છે. તે પૈયકી H1 પ્લોટમાં કુલ ૫,૨૮૦ આવાસો, H2 + H3 પ્લોટમાં કુલ ૬,૭૬૮ આવાસો, H4 + H5 પ્લોટમાં ૭,૩૯૨ આવાસો મળી કુલ ૧૯,૪૪૦ આવાસો થાય છે.

H1 પ્લોટમાં ખાતમુહૂર્ત વિધી તા.૩૧/૦૫/૦૭ ના રોજ બપોરે ૩.૧૫ કલાકે, મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાત રાજયના વરદ હસ્તે થનાર છે. પ્લોટ H1 ની વિગતો નીચે મુજબ છે.

**<u>કુલ પ્લોટ વિસ્તાર :– ૧૭.૦૧ હેકટર</u>**

⇒ બાંધકામ  વત્તા આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર ના ગ્રાઉન્ડ વત્તા ત્રણ માળના મકાનો.

⇒ આવાસોની સંખ્યા : ૫,૨૮૦

⇒ પ્રતિ આવાસ  ક્ષેત્રફળ : ૨૫.૫૦ ચો.મી. (૨૭૫ ચો.ફુટ)

⇒ પ્રતિ આવાસ ખર્ચ : રૂા.૧,૨૬,૪૦૦/–

⇒ આવાસમાં સુવિધા :  બે રૂમ રસોડુ, સંડાસ બાથરૂમ, ડ્રેનેજ લાઈન , પાણી તથા લાઈટની સુવિધા સાથે

⇒ આંતર માળખાકીય સુવિધા :– પીવાનું પાણી, ડ્રેનેજ, વરસાદી પાણીનો નિકાલ, ઘન કચરાનો નિકાલ, રસ્તા લાઈટ વગેરે.

**<u>અન્ય સુવિધાઓ :</u>**

ઉપરોકત મુજબ શહેરી ગરીબોને માળખાકીય પાયાની સુવિધાઓ જેવીકે રસ્તા, પાણી, ગટર, સ્ટ્રોમ વોટર ફેઈન, સ્ટ્રીટ લાઈટ તથા પ્રાથમીક શાળા, યુ.સી.ડી. સેન્ટર, ડીસ્પેનસરી, દુકાનો સહિતની સુવિધાઓ સાથે આવાસો ફાળવવામાં આવશે. આ આવાસોના બાંધકામ તથા આંતર માળખાકીય સવલત માટે સરકારશ્રી તરફથી ૭૦%  સહાય મળશે. બાકી રહેતા ૩૦% જેટલી રકમ સુરત મહાનગર સેવા સદન અને લાભાર્થી સંયુકત પણે ભોગવશે. આ આવાસો મુખ્યત્વે પુરમાં અસરગ્રસ્ત ઝુપડાવાસીઓ, રસ્તામાં તથા શહેરના વિકાસમાં નડતર રૂપ ઝુપડપટ્ટીઓના ઝુપડાવાસીઓને ફાળવવામાં આવશે. જેના લીધે સુરત શહેરમાં વાંરવાર આવતા પુરની સામે ઝુપડપટ્ટીઓને જાનમાલના નુકશાનની સમસ્યા હલ થશે. શહેરના વિકાસમાં નડતર રૂપ થતા ઝુપડાઓ દુર થતા શહેરનો વધુ વિકાસ શકય બનશે તથા શહેરના પર્યાવરણમાં સુધારો થશે. તદઉપરાંત શહેરી ગરીબોનું જીવન ધોરણ ઊચું આવશે.

TOP

## પૂર્વઝોન (વરાછા) ટી.પી.૨૦ (નાનાવરાછા – કાપોદ્રા) ફલાય ઓવર બ્રિજના કામમાં નડતરરૂપ દુકાનોનું તથા મંજુર પ્લાન વિરુધ્ધ થયેલ ગેરકાયદેસર ડીમોલીશન બાબત.

**પૂર્વઝોન (વરાછા) ટી.પી. સ્કીમ નં.૨૦, નાના વરાછાગામ પાસે ૨૦૦ ટી.પી.રસ્તામાં બનેલ અને ફલાયઓવર બ્રિજના કામમાં નડતરરૂપ ૩(ત્રણ) દુકાનો (૧) મહાશિકત ડેરી ફાર્મ (૨)ગાયત્રિ ઓટી ગેરેજ તથા (૩) બંધ હાલતમાં નું ડીમોલીશન કરી આશરે ૪૫૦ ચો.ફુટ રસ્તો ખુલ્લો કરેલ છે.**

**ટી.પી.૨૦(નાનાવરાછા –કાપોદ્રા) ફા.પ્લોટ નં.૧૭ સબ પ્લોટ નં.૭,૮ ના મિલ્કતદાર શ્રી કાળુભાઈ બાવચંદભાઈ કાનણી એ મંજુર પ્લાન વિરુધ્ધ બીજા માળે ચણતરની દીવાલનું આશરે ૫૦૦ ચો.ફુટનું બાંધકામ શરૂ કરેલ જે દુર કરવામાં આવેલ. આજ સોસાયટીના ફા.પ્લોટ નં.૮૯ અને ૯૮ ના સી.ઓ.પી. માં શ્રી જીવરાજભાઈ પટેલ દ્વારા હયાત પ્લીંથ ઉપર આશરે ૩૨૫ ચો.ફુટ માપ વિસ્તારમાં ગેરકાયદેસર ચણતરકામ શરૂ કરેલ જે દુર કરવામાં આવેલ.**

TOP

## વ્યવસાય વેરા સમાધાન યોજના – ૨૦૦૭

**નાણાં વિભાગમાં ઠરાવ ક્રમાંક : ૫ફઠ/૧૦૨૦૦૬/૫૨૫/ઠ. તા.૩૦/૦૩/૨૦૦૭ થી અમલમાં મુકેલ છે જે કોઈ વ્યવસાયીઓએ હજુ સુધી નોંધણી કરાવેલ નથી તેઓ જો તા.૩૧/૦૫/૦૭ સુધીમાં નિયમાનુસાર અરજી કરી, નોંધણી કરાવી, વેરો ભરી આપે તેઓને દંડ અને વ્યાજ માંથી મુકિત આપવામાં આવનાર છે.આ યોજનાનો સમયગાળો તા.૧/૦૪/૦૭ થી તા.૩૧/૦૫/૦૭ સુધીનો સમય રાખવામાં આવેલ છે.**

**ઉપરોકત સમાધાન યોજના– ૨૦૦૭ ની બાકી કરદાતાઓ વધુમાં વધુ લાભ લ્યે તે ધ્યાને રાખી તા.૩૦/૦૫/૦૭ ના રોજ નીચે જણાવેલ મુખ્ય કચેરી/ઝોન ખાતે સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ખાસ ઝુંબેશ મેળો યોજવામાં આવેલ છે, જેમાં ભાગ લઈ દંડ અને વ્યાજ માંથી મુકિતનો લાભ લેવા સર્વે વ્યવાસાય કર્તાઓને વિનંતી કરવામાં આવે છે.**

| તારીખ | સમાધાન યોજના–૨૦૦૭ માટે ઝુંબેશ મેળો યોજાનાર ઝોનનું નામ–સરનામું |
|---|---|
| ૩૦/૦૫/૦૭<br>સમય : સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ | તમામ ઝોન કચેરીઓમાં |
| (૧) | **સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન** (મીટીંગ હોલ),<br>મ્યુ.શોપીંગ સેન્ટર, આદર્શ નગર સોસા.ની પાસે, અઠવાલાઈન્સ, સુરત. |
| (૨) | **નોર્થ (કતાર ગામ) ઝોન,** (મીટીંગ હોલ)<br>મ્યુ.શોપીંગ સેન્ટર, ગોટાલા વાડી, સુરત. |
| (૩) | **વેસ્ટ (રાંદેર) ઝોન** (મીટીંગ હોલ)<br>તાડવાડી રાંદેર રોડ, સુરત. |
| (૪) | **સેન્ટ્રલ ઝોન,** (ગાંધી ખંડ)<br>મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત. |
| (૫) | **ઈસ્ટ (વરાછા) ઝોન,** (મીટીંગ હોલ)<br>ભાતની વાડી, સરદાર ચોક નજીક, વરાછા રોડ, સુરત. |
| (૬) | **સાઉથ (ઉધના) ઝોન,** (મીટીંગ હોલ )<br>ઉધના મેઈન રોડ, સત્ય નગર સામે, ઉધના, સુરત. |
| (૭) | **સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોન,** (મીટીંગ હોલ )<br>વાટીકા ટાઉન શીપની સામે, કૈલાશ નગર સોસા.ની બાજુમાં, ડુંભાલ. |

TOP

# ગુજરાત રાજયમાં સૌ પ્રથમવાર કાર્યનિવન્ત થનાર વીડ હારવેસ્ટીંગ મશીનની ઉદઘાટન વિધિ



પૂણ્યસલિલા તાપી કાંઠે વસેલ ઐતિહાસિક શહેર સુરતને હાલ એક માત્ર પીવાના પાણીનો આધારભૂત સ્ત્રોત તાપી નદી છે. સીંગણપોર ખાતે હજીરા સ્થિત ઉધોગોના સહયોગમાં અંદાજે રૂ.૩પ કરોડના ખર્ચે વિયર કમ કોઝવે આકાર પામ્યો અને તેના ઉપરવાસમાં આશરે ૩૦ કી.મી. લંબાઈનો મીઠા પાણીનું વિશાળ જળ સરોવર સર્જાયેલ છે. આ સરોવર માંથી રો–વોટર મેળવી શહેરના ચાર વારી ગૃહો મારફતે શુધ્ધિકરણ કરી, નાગરીકોને દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોચાડવામાં આવે છે.સીંગણપોર વિયરના ઉપરવાસમાં સર્જાયેલ આ વિશાળ જળ સરોવરની પાણીની ગુણવતા દિન પ્રતિદિન ખાડીઓમાંથી ઠલવાતા મેલા પાણી અને ખેતરો માંથી વહાવવામાં આવતા સેન્દ્રીય પદાર્થ યુકત પાણીને પરીણામે કથળતિ જાય છે. નદી કાંઠે વસેલ પશુ–વસાહાટો અને જાહેર માનવ મળ – મુત્રના ત્યાગને પરિણામે આ સમસ્યામાં વધારો થતો ગયો છે. પરિણામે સરોવરમાં નદિના તળિયામાં તેમજ પાણીની સપાટી ઉપર અનેક વિવિધ જંગલી વનસ્પતિનો ઉપદ્રવ અસાધારણ પ્રમાણમાં દિન–પ્રતિદિન વધતો જાય છે. નદીના પાણીની સપાટી ઉપર વિકાસ પામતી હાઈસીન્થ અને સપાટી નીચે ઉગતી હાઈડ્રીલા ઉપર યોગ્ય નિયંત્રણ રાખવા માટે અનેક વિવિધ આયોજન કરવામાં આવેલ છે. આવા આયોજનના વનસ્પતિને યાંત્રિક ઢબે બહાર કાઢી દુર કરવા માટે સુરત મહાનગર સેવા સદન દ્વારા વિશિષ્ટ પ્રકારના/વિદેશી બનાવટના (સ્વીટઝરલેન્ડ સ્થિત એકવારીયસ વોટર મેનેજમેન્ટ) વીડ હારવેસ્ટીંગ મશીન ખરીદ કરવામાં આવ્યું છે, જે ભારત ભરમાં અત્યંત જુજ અને ગુજરાત રાજયમાં આવી અધતન સુવિધાઓ ધરાવતું આ સૌ પ્રથમ ઉપકરણ આજરોજ શહેરના પ્રથમ નાગરીક એવા મા.મેયરશ્રી ડો.કનુભાઈ માવાણી ના શુભ હસ્તે તાપી નદિમાં કતારગામ વોટર વર્કસ ખાતે કાર્યનિવન્ત કરવામાં આવ્યું. ઉપરોકત મશીનને વધુ ટેકનિકલ વિગતો નીચે મુજબ છે.



| | |
|---|---|
| મશીનનું મોડેલ | AQUARIUS H/TS -700 - CR |
| પ્રિન્સીપલ મેન્યુફેકચરીંગ કું. | એકવારીયસ વોટર મેનેજમેન્ટ, સ્વીટઝરલેન્ડ |
| સપ્લાયર કરનાર એજન્સી | કુણાલ અર્થમુવીંગ કંપની, મુંબઈ |
| કુલ કિંમત | રૂ.૧,૮પ,૭૮,૩૪૦.૦૦ |
| ઓપરેશન મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટનો સમયગાળો | ત્રણ વર્ષ |
| ઓપરેશન મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ ની કુલ રકમ | રૂ.૪૬,૧૨,પ૦૦.૦૦ (સ્પેર સહિત) |
| ઓપરેશન મેઈન્ટેનન્સ કરનાર એજન્સી | કુણાલ અર્થમુવીગ કંપની, મુંબઈ |

**ટેકનીકલ ડેટા**

| | |
|---|---|
| લંબાઈ | ૧૪.પ૦ મીટર |
| પહોળાઈ | ૦૩.૦૦ મીટર |
| ઉંચાઈ | ૦૪.પ૦ મીટર |
| કુલ વજન | ૨૦ ટન |
| સ્ટોરેજ કેપીસીટી | ૨૩ મીટર |
| સ્ટોરેજ વજન | ૯૦૦૦ કીલો |
| કટીંગ પહોળાઈ | ૨ મીટર |
| કટીંગ ઉડાઈ | ૦–થી ૨ મીટર |
| હાઈડ્રોલીક ઓઈલ ટેન્ક ક્ષમતા | ૪૦૦ લીટર |
| ડીઝલ ટેન્ક ક્ષમતા | પ૦૦ લીટર |
| એન્જીન મેઈક અને ક્ષમતા | Deutz Diesel Engine, 140 HP at 2200 RPM |
| મહત્તમ સ્પીડ | ૮–૧૦ કિલોમીટર/કલાક |

TOP

# સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ તમામ ૬ (છ) ઈલેકશન વોર્ડ વાઈઝ ડીઝાસ્ટર મેનેજમેન્ટ

રાજય સરકારશ્રીની સુચના અને સુરત મહાનગર સેવા સદનના કમિ.શ્રીના આદેશાનુસાર ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી અને સેન્ટ્રલ ઝોન દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ તમામ ૬ (છ) ઈલેકશન વોર્ડ વાઈઝ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેશ પ્લાન્ટ તૈયાર કરવામાં આવી રહયો છે. ડીઝાસટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેડનેશ પ્લાનમાં આવરી લેવાયેલ તમામ વિગતો તથા આગામી ચોમાસાની સીઝનનો ધ્યાને લેતાં આ ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન્ટ તથા પ્રિમોન્સુનની કામગીરી અન્વયે ધારા સભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ તેમજ અન્ય સર્વિસ કંપની તથા શહેર પોલીસ વિભાગ અને સેન્ટ્રલ ઝોનનાં અધિકારીઓને એક સંયુકત મિટીંગ રાખવામાં આવેલ. સદરહુ મીટીંગમાં ધારા સભ્ય શ્રીમતી ભાવનાબેન ચપટવાળા, સ્થનયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, કોર્પોરેટરશ્રીઓ તેમજ અન્ય વિવિધ કંપનીના પ્રતિનીધીઓ તેમજ પોલીસ વિભાગના અધિકારીઓ હાજર રહેલા.



આ મીટીંગ દરમ્યાન સેન્ટ્રલઝોન તથા ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ ઈલેકશન વોર્ડ વાઈઝ ડીઝાસ્ટર મેનેજમેન્ટનું એક સંયુકત પ્રેઝન્ટેશન તૈયાર કરી કાર્યપાલક ઈઝનેરશ્રી ડી.એમ.જરીવાળા દ્વારા રજુ કરવામાં આવેલ.

ઉકત પ્રેઝન્ટેશનમાં સને ૧૯૯૮ અને સને ૨૦૦૬ ના ફલડ મુજબ નીચાણવાળા વિસ્તારો દર્શાવતો મેપ,નિચાણવાળા વિસ્તારોની યાદી તથા સદર વિસ્તારના લોકોને સલામત સ્થળે ખસેડવાના આશ્રયસ્થાનો, ફલડગેટ ઓપરેટીંગ/સંચાલન બરતી એજન્સી અને અધિકારીશ્રીની વિગત,સ્વૈચ્છિક સંસ્થાઓની વિગત,નીચાણવાળા વિસ્તારોમાં બોટ મુકવાના સ્થળોની વિગત, ઝોન વિસ્તારમાં આવેલ વાડીઓની યાદી, બહારથી વાહનો પુરા પાડતી વિવિધ એજન્સીઓના અને લેબર સપ્લાર્યસના, જનરેટર ભાડે આપતી સંસ્થાના નામ /સરનામા/સંપર્ક નંબરની વિગતો, સમગ્ર સેન્ટ્રલ ઝોનની વરસાદી ગટરનો નેટવર્ક દર્શાવતો નકશો, ફલડના સમયે વાહનો સેન્ટ્રલ ઝોનના ઉંચાણવાળા સલામત સ્થળોએ મુકવા અંગેની વિગતો વિગેરે દર્શાવવામાં આવેલ તેમજ તે અંગે હાજર રહેલા સંબંધિતોના અમુલ્ય સુચનો મેળવવામાં આવેલ.

વધુમાં ઉકત પ્રેઝન્ટેશનમાં હાજર રહેલા જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારીશ્રી શૈલેષભાઈ જીયાણી એ પુર રાહત તેમજ ભૂકંપ અંગે જરૂરી સમજ આપી વિસ્તૃત ચર્ચા કરેલ હતી.

સેન્ટ્રલ ઝોનના વડા આસી.કમિ.શ્રી., ઝોનલ ઓફિસરશ્રી, તેમજ ડે.ઈઝનેરો અને આસી. આરોગ્ય અધિકારી વિગેરે સાથે સંબધિતો દ્વારા કરેલ સુચનો અને કરવામાં આવનાર કામગીરી તથા ગત વર્ષના અનુભવના આધારે લેવામાં આવેલ કામગીરીની ચર્ચા કરવામાં આવેલ.

મીટીંગના અંતે આસી.આરોગ્ય અધિકારીએ આભાર વિધિ કરી મીટીંગ પૂર્ણ કરવામાં આવેલ.

TOP

# અર્બન રીન્યુઅલ મિશન અન્વયે કોસાડ ખાતે શહેરી ગરીબો માટે સાકારિત થનાર આવાસોની ખાતમુહૂર્તવિધિ મા. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્‌હસ્તે તા.૩૧–૦૫–૨૦૦૭નાં રોજ સંપન્ન.



સુરત મહાનગર સેવા સદન ધ્વારા અર્બન રીન્યુઅલ મિશન અન્વયે કોસાડ ખાતે શહેરી ગરીબો માટે સાકારિત થનાર આવાસો તૈયાર કરવાની ખાતમુહૂર્તવિધિ મા. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્‌હસ્તે તા. ૩૧–૦૫–૨૦૦૭ નાં રોજ ગુરૂવારે બપોરે ૩–૧૫ કલાકે સંપન્ન થઈ.

આ પ્રસંગે પોતાના સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી એસ. અપર્ણાએ ઉપસ્થિત મંચસ્થ તેમજ જાહેર જનતાનું સ્વાગત કરતા જણાવ્યુ કે સુરત શહેર અભૂતપૂર્વ વેગથી વિકાસ પામતું શહેર છે. દરેક ક્ષેત્રમાં વિવિધ મુડી રોકાણો ધ્વારા વિકાસની પ્રક્રીયા ચાલુ રહે છે. નીચલો વર્ગ શ્રમ પુરો પાડે છે. વિવિધ સ્તરના લોકોને રહેઠાણની સમસ્યા ઉદભવે છે. રાજય સરકારે શહેરી ગરીબો માટે આવાસ યોજના સાકાર કરી છે. તે અંતર્ગત કોસાડ ખાતે ૧૯૪૪૦ આવાસોનું નિર્માણ સુરત મહાનગર સેવાસદન ધ્વારા હાથ ધરવામાં આવેલ છે. સદર આવાસોમાં વિવિધ પાયાની સગવડો સાથે ગુણવત્તાસભર બાંધકામ શહેરીજનોને મળી રહેશે.



પ્રમુખ સ્થાનેથી પ્રાસંગીક પ્રવચન કરતા મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ જણાવ્યુ હતું કે શ્રમીક કામદારો માટેની આ યોજનામા છેલ્લા ૧૦ વર્ષમાં ૮૦૦૦ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. જયારે આવનારા ૧૨ થી ૧૮ માસમાં લગભગ ૩૦૦૦૦ આવાસોનું નિર્માણ કાર્ય હાથ ધરાશે. કોસાડ ખાતે ૧૯૪૪૦ આવાસોનો પ્રોજેકટ રાજય સરકારની મદદથી પાર પાડવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યુ હતું કે હદ વિસ્તરણ બાદ ૪૦૬ ઝુપડપટ્ટીમાં ૫ લાખ લોકો વસવાટ કરે છે. શહેરી ગરીબો આવાસ યોજના અંતર્ગત છેવાડાના માનવીને તમામ પ્રકારની સુખ સગવડો સાથે આવાસો મળી રહે તે માટે સુરત મહાનગર સેવાસદન પ્રતિબધ્ધ છે. મહાનગર સેવાસદનના સ્થિર તેમજ પારદર્શક વહિવટને કારણે આ ભગીરથ કાર્ય શકય બનશે.

અતિથિવિશેષ પદેથી પ્રવચન કરતા સાંસદશ્રી કાશીરામભાઈ રાણાએ જણાવ્યુ હુતં કે કેન્દ્ર–રાજય અને

સુરત મહાનગર સેવાસદનના સહકારથી લગભગ ૧૮ માસ પછી શહેરના ગરીબોને આવાસો પ્રાપ્ત થશે તે માટે સુરત મહાનગર સેવાસદન અભિનંદનને પાત્ર છે. દેશના મહાનગરોમાં શહેરીજનોની દૂર્દશા વર્ણવતા તેમણે જણાવ્યું હતું કે માળખાગત સુવિધાનો અભાવ છે. આજના સમયમાં આવાસ વસાવવાની કલ્પના કરવી તે પણ દુષ્કર કામ છે. સને ૨૦૧૦ સુધીમાં શહેરને ઝીરો સ્લમ કરવુ છે. આ ઉપરાંત મધ્યમ વર્ગના લોકો માટે પણ આવી યોજના વિચારવાની અપીલ કરી હતી. શહેરી ગરીબોને આવાસ આપવાના મહત્વકાંક્ષી પ્રોજેકટની પ્રગતિ જોઈ સરકારશ્રી તરફથી પણ આ યોજનામા વધુ ફાળો મળી શકશે.

પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગના મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે સુરત મહાનગર સેવાસદન શહેરી ગરીબો માટેના આવસોની યોજનાનું આયોજન સફળ બનાવશે. સુરત શહેરના હદ વિસ્તરણ બાદ નવા વિસ્તારોમાં માળખાગત પાયાની સુવિધાની પ્રાપ્તિ માટે સરકાર તેમજ સેવા સદન કટીબધ્ધ છે. શહેરી ગરીબોની સમસ્યા હલ કરવાનો પ્રયાસ કરેલ છે. સુરત મહાનગર સેવાસદનના આ કાર્ય માટે તેમણે તમામને અભિનંદન આપેલ છે.

મુખ્ય મહેમાનપદેથી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી આઈ. કે. જાડેજાએ જણાવ્યુ હતુ કે ગુજરાતના સર્વાંગી વિકાસને સાકાર કરવાનો સરકારનો પ્રયત્ન રહેલ છે. સમાજના દરેક ક્ષેત્રને સવલતો મળે તે માટે શહેરી ગરીબો માટે વિકાસ માટેની યોજનાનું દીર્ઘદ્રષ્ટીથી આયોજન કરવામાં આવેલ છે. લોકભાગીદારી સાથે વિકાસના કામો પારપાડવાની પ્રક્રીય અંતર્ગત નિર્મળ ગુજરાત સ્વચ્છતા સાથે શહેરી ગરીબો માટે ૧૩૦૦ કરોડની આવાસ યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. રોજગારી, શિક્ષણ, ન્યાય દરેક શહેરી ગરીબોને પ્રાપ્ત થશે. રોજગારી માટેની વિવિધ યોજનાઓ હેઠળ બેરોજગાર યુવાનોને તાલીમ આપી વિવિધ સેવાઓમાં તેમનો લાભ લેવાનું ગુજરાત સરકાર આયોજનપૂર્વક કામગીરી કરી પૂર્ણતા હાંસલ કરી છે. સુરત શહેર વિશ્વનું શ્રેષ્ઠ સ્વચ્છ નિર્મળ શહેર બને તેવી કામના વ્યકત કરી હતી.

પ્રાસંગીક પ્રવચન કરતા મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યુ હતું કે વિકાસના મહત્વ સાથે ગરીબોના કલ્યાણમા સૂર પુરાવવા આવેલ જનતાની સરાહના કરી હતી. નવા વિસ્તારમાં સુવિધા પૂરી પાડવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. શહેરના સર્વાંગી વિકાસનો લાભ સૌને મળે અને સ્લમ ફ્રી સીટી બને તેવી વ્યવસ્થા સાકાર થાય તથા તેના ફળ છેવાડાના માણસોને મળે. સાતત્યપૂર્વક વિકાસ થાય અને લોક હિત સધાય તે માટે સરકાર પ્રયત્નશિલ છે. રાજય સરકારે સ્થાપત્યને સંપત્તીનો સમન્વય કરવાનો પ્રયત્ન કરેલ છે. સુવ્યવસ્થિત આયોજન અને આધુનીક ટેકનોલોજીની ઉપયોગ કરી શહેરના ગરીબોના આરોગ્ય માટેની યોજનાના આયોજનનો અભાવ દુર કરી આ દિશામાં પ્રયત્ન કર્યા છે. સરકારશ્રીની જયોતીગ્રામ યોજનાને કારણે રાજયના સમગ્ર વિસ્તારને થ્રી ફેસ ૨૪ કલાક સતત વિજળી મળી રહે છે. જેના કારણે કોટેજ ઈન્ડસ્ટ્રીઝનો વિકાસ થવાથી ગ્રામ્ય ગરીબો મોટા પાયે ઘટાડો થયેલ છે. જેના કારણે શહેર પરનું ભારણ ઘટવા પામેલ છે. આ ઉપરાંત તેમણે ઉમ્મીદ યોજના તથા કલ્પસર યોજનાના પ્રારંભ કરવાની જાહેરાત કરી હતી. ગુજરાતની સર્વણ જયંતી નિમિત્તે સુરત શહેર ઝીરો સ્લમ ફ્રી બને તેવી લાગણી વ્યકત કરી હતી.




અંતમા ડે. મેયર ડો.સુષ્માબેન અગ્રવાલે આભારવિધિ કરી હતી.

કાર્યક્રમમાં મંચસ્થ મહાનુભાવો ઉપરાંત મહાનગર સેવાસદનના પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ તથા વિશાળ જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

TOP